તાપમાન
મહત્તમ : ૪૦.૬ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૦ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૭૯ | ૩૦ મે, ૨૦૧૬, સોમવાર ; વૈશાખ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

પ્રધાનમંત્રીના વિમાને રૂટ બદલ્યો : જયપુર પહોંચ્યા

જયપુર, તા. ૨૯

કર્ણાટકમાં રેલીને સંબોધવા ગયેલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી પરત ફરી રહ્યા હતા ત્યારે દિલ્હીમાં હવામાનમાં પલ્ટો આવતા પ્રધાનમંત્રી જયપુર પહોંચ્યા હતા.

જ્યાં એરપોર્ટ પર રાજસ્થાનના મુખ્યમંત્રી સુશ્રી વસુંધરારાજે સિંધીયાએ તેમનું સ્વાગત કર્યું હતું. મોડીરાત્રે દિલ્હીમાં હવામાન પૂર્વવત થતાં તેઓ દિલ્હી જવા રવાના થશે.

કેદારનાથ-યમનોત્રીના માર્ગો હજુ પણ બંધ

દહેરાદૂન,તા. ૨૯

ઉત્તરાખંડના તહેરી જિલ્લાના ઘનસાલી વિસ્તારમાં પ્રચંડ પવન સાથે ભારે વરસાદ થયો છે જેના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. ભારે વરસાદના કારણે અનેક પશુના મોત થયા છે. સેંકડો મકાનો ધરાશાયી થઈ ગયા છે. બીજી બાજુ વરસાદના કારણે ભેખડો ધસી પડવાના બનાવ બનતા કેદારનાથ અને યમનોત્રી તરફ દોરી જતા હાઈવે બ્લોક થઈ ગયા છે. આના માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અટવાઈ પડ્યા છે.

માર્ગો પરથી ભેખડોને દુર કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ ઉત્તરાખંડના પાટનગરમાં જોરદાર પવનની સાથે વાવાઝોડુ ફુંકાઈ રહ્યુ છે.

લોન સસ્તી નહી થાય

વ્યાજદર હાલમાં યથાવત રહે તેવા સંકેતો : વર્તમાન નાણાંકીય વર્ષમાં ૫૦ બેઝિક પોઇન્ટનો ઘટાડો થઇ શકે : મહાકાય કંપની મોર્ગન સ્ટેન્લીનો અભિપ્રાય

નવીદિલ્હી,તા. ૨૯

આરબીઆઈ સાતમી જુનના દિવસે તેની આગામી પોલીસી બેઠકમાં તમામ ચાવીરૂપ રેટ યથાવત

રાખે તેવા સંકેત મળી રહ્યા છે. જો કે વર્તમાન નાણાકીય વર્ષમાં બીજા ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો રેટમાં કરી શકે ચે. મોર્ગન સ્ટેન્લીના અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે રિટેલ ફુગાવો ઘટી શકે છે. માર્ચ ૨૦૧૭ સુધી રિટેલ ફુગાવો ઘટીને ૪.૫ ટકા થઈ શકે છે. રિસર્ચ નોંધમાં મોર્ગન સ્ટેન્લીએ કહ્યુ છે કે અમારી સીપીઆઈની આગાહી અને આરબીઆઈના કહેવામાં આવેલા ૧.૫ અને ૨ ટકાના રિયલ રેટ ટાર્ગેટના આધાર પર અમે કહી શકીએ છીએ કે આરબીઆઈ વર્ષ ૨૦૧૭માં બીજા ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. રિટેલ ફુગાવો ખાદ્યાન્ન ચીજવસ્તુઓની ઉંચી કિમતના કારણે એપ્રિલ મહિનામાં ૫.૩૯ ટકા હતો. તાજેતરના મહિનામાં રિવર્સ પ્રવાહ જોવા મળી રહ્યો છે. રેટમાં કાપની ગતિ અંગે વૈશ્વિક કંપની માને છે કે આરબીઆઈ હજુ વાસ્તવિક ફુગાવામાં પ્રવાહને જોવા માટે મોનસુન બેસી જવા માટેની રાહ જોશે. જેથી સાતમી જુનના દિવસે રજૂ કરવામાં આવનાર પોલીસીમાં રેટ યથાવત રાખવામાં આવે તેવી શક્યતા છે. ઓક્બરની બેઠકમાં રેટમાં ઘટાડો થાય તેવી શક્યતા વધારે છે. સમયસર વરસાદ થઈ જશે તો ઓગષ્ટ બેઠકમાં પણ રેટમાં ઘટાડો કરવામાં આવી શકે છે. જુલાઈના અંત સુધી મોનસુનની સ્થિતી સારી રહેશે તો આરબીઆઈ યોગ્ય પગલા લઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે બેંક ઓફ ઈન્ડિયાએ પાંચમી એપ્રિલના દિવસે

● અનુસંધાન પાન-૭ પર

આગામી મહિને એક સાથે ૨૨ સેટેલાઈટ લોંચ કરાશે

હાલમાં જ રિયુઝેબલ લોંચમાં ઐતિહાસિક સફળતા મળ્યા બાદ હવે માત્ર એક મિશનમાં ૨૨ ઉપગ્રહો તરતા મુકાશે

બેંગ્લોર,તા. ૨૯

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)એ કહ્યું છે કે, આગામી મહિને સિંગલ મિશનમાં તે રેકોર્ડ ૨૨ સેટેલાઈટ એક સાથે લોંચ કરશે. ઈસરોના ચેરમેન કિરણકુમારે કહ્યું છે કે, હાલમાં જ રિયુઝેબલ લોંચમાં સફળતા મળ્યા બાદ નવા પ્રયોગ કરવામાં આવનાર છે. હવે આશરે ૨૨ સેટેલાઈલ લોંચ કરવામાં આવનાર છે. ફેડરેશન ઓફ કર્ણાટક ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું હતું કે, ૨૨ સેટેલાઈટ પૈકી ત્રણ ભારતીય રહેશે અને બાકીના કોમર્શિયલ રહેશે. આ લોંચ આગામી મહિનાના અંત દરમિયાન હાથ ધરવામાં આવનાર છે. અગાઉ વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરના ડિરેક્ટર કે શિવમે કહ્યું હતું કે, ઈસરોના વર્કફોર્સ પોલાર રોકેટ પીએસએલવી સી.૩૪નો ઉપયોગ આ લોંચ માટે કરવામાં આવશે. અમેરિકા, કેનેડા, ઈન્ડોનેશિયા અને જર્મની તરફથી સેટેલાઈટ હશે. આ તમામ સેટેલાઈટને કો પેસન્જર તરીકે લોંચ કરવામાં આવનાર છે. ૨૦૦૮માં એક જ મિશનમાં અંતરિક્ષ સંસ્થાએ ૧૦ સેટેલાઈટને સફળતાપૂર્વક પરિભ્રમણ કક્ષામાં મુક્યા હતા. કુમારે કહ્યું છે કે, લોંચ બાદ તરત જ નવી દિશામાં હિલચાલ હાથ ધરવામાં આવશે. ઈસરોએ હાલમાં એક પછી એક ઉલ્લેખનીય સફળતા મેળવી છે. આ દિશામાં વધુ એક મોટી સિદ્ધિ મેળવવાની દિશામાં આગળ વધશે.

યુપીમાં ભાજપ એકલા હાથે જ ચૂંટણી લડશે

રામ મંદિર ચૂંટણી એજન્ડામાં રહેશે નહીં : લોકદળ અથવા તો અન્ય કોઇ પાર્ટીની સાથે જોડાણ કરાશે નહીં : પાર્ટી ૨૬૫ બેઠક જીતીને સરકાર બનાવશે : મહેશ શર્મા

નવીદિલ્હી,તા. ૨૯

કેન્દ્રીયમંત્રી મહેશ શર્માએ આજે કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ એકલા હાથે મેદાનમાં ઉતરશે. ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસના એજન્ડા ઉપર ચૂંટણી લડવામાં આવશે. રામમંદિર જેવા જટિલ મુદ્દાઓને હાથ ધરવામાં આવશે નહીં. કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશમાં પહેલા અથવા ચૂંટણી બાદ કોઇ જોડાણ કરવામાં આવશે નહીં. રાજ્યમાં લોકસભાની ચૂંટણી દરમિયાન ભાજપની જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરનાર મહેશ શર્માએ કહ્યું હતું કે, ભાજપને ઉત્તર પ્રદેશમાં એકલા હાથે ૪૦૩ બેઠકપૈકી ૨૬૫થી વધુ બેઠક મળશે. ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણીમાં તેમના સખ્ત પરિશ્રમ બદલ ઈનામ તરીકે મહેશ શર્માને પ્રધાનમંડળમાં સામેલ કરવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

અમદાવાદમાં મોડીસાંજે પવન સાથે વરસાદ

મોડી સાંજે વરસાદની શરૂઆત થતાં વાતાવરણમાં ઠંડક અમદાવાદ શહેરમાં જુહાપુરા, વસ્ત્રાપુર, વિજય, નવરંગપુરા અને નારણપુરા સહિતના અનેક વિસ્તારોમાં વરસાદ

અમદાવાદ,તા. ૨૯

અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં આજે ફરી એકવાર સાંજે વાતાવરણમાં પલટો આવ્યો હતો અને જોરદાર તોફાની પવન સાથે અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. અમદાવાદ શહેરમાં વેજલપુર, જુહાપુરા, વસ્ત્રાપુર, વિજય ચાર રસ્તા, ડ્રાઈવ ઈન રોડ, નવરંગપુરા સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે લોકોને રાહત થઈ હતી. બીજી બાજુ લોકો ખુશીના કારણે પોતાના ઘરની બહાર આવી ગયા હતા અને વરસાદની મજા માણી હતી. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૪૧.૩ ડિગ્રી રહ્યું હતું. જ્યારે ભાવનગરમાં પણ ૪૧.૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. અમદાવાદમાં હજુ પણ સાંજે અથવા રાત્રે ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આજે સાંજે એકાએક વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જોરદાર આંધી ચાલી હતી. ધૂળની ડમરીઓ ઉડી હતી. લોકો પોતાના ઘરની છત ઉપર પણ વરસાદની મજા માણવા માટે પહોંચ્યા હતા. અમદાવાદના સાણંદ વિસ્તારમાં પણ વરસાદ પડ્યો હોવાના અહેવાલ મળ્યા છે.

ગાજવીજ સાથે વરસાદનું ચિત્ર અમદાવાદ માટે ઉપસી રહ્યું છે. વરસાદી છાંટા પડવાની શરૂઆત થયા બાદ હવે બેવડી સિઝનનો અનુભવ થશે. આવી સ્થિતિમાં લોકો બિમારીના સકંજામાં આવી શકે છે. જો કે, બપોરના ગાળામાં હજુ પણ તીવ્ર ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં નિષ્ણાત તબીબો અને જાણકાર લોકોનું કહેવું છે કે, હજુ પણ તાપમાન પ્રમાણમાં વધારે છે તે જોતા ગરમીથી બચવા વધુ પ્રમાણમાં પાણી, છાશ અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવાની જરૂર છે. હવામાન વિભાગ તરફથી મોનસુનના વિલંબની વાત કરાઈ છે પરંતુ ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટ દ્વારા આ વખતે વધુ વરસાદની આગાહી કરાતા રાહત દેખાઈ રહી છે. રેડ એલર્ટની જાહેરાત કર્યાના થડાક દિવસ બાદ જ એએમસી દ્વારા હવે ગ્રીન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજે દિવસ દરમિયાન અમદાવાદમાં વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું અને સાંજ સુધી ગરમીનો પણ અનુભવ થયો હતો પરંતુ મોડી સાંજે વરસાદની શરૂઆત થઈ હતી. શહેરના બોપલ, ઘુમા, શ્યામલ વિસ્તારમાં પણ વરસાદ પડ્યો છે. પ્રિ-મોનસુન ઝાપટા તરીકે પણ આને જોવામાં આવે છે. ગુજરાત અને દેશના અન્ય ભાગોમાં વરસાદની ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી છે.

મુખ્યમંત્રી આનંદીબહેનના બહેન મંજુલાબેનનું અવસાન

અમદાવાદ, તા.૨૯

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના બહેન મંજુલાબેનનું નિધન થયા બાદ કિડની અને લીવરનું અંગદાન કરવામાં આવ્યું હતું. આ રીતે મંજુલાબેને દાખલો બેસાડ્યો છે. અવસાન બાદ આજે સવારે સિદ્ધપુર ખાતે મંજુલાબેનના અંતિમ સંસ્કાર કરાયા હતા. આનંદીબેને આ અંગે કહ્યું હતું કે, મારા નાના બહેન મંજુલાબેનનું દેહાવસાન થયું છે. ઈશ્વરને પ્રાર્થના કરું છું કે, તેમના આત્માને શાંતિ આપે. ભલે મારા બહેન રહ્યા નથી પરંતુ તેઓના અંગો થકી બીજા વ્યક્તિઓને નવજીવન મળશે. સદગતની શ્રદ્ધાંજલિ સભા ગુરુવારે ૨ જુનના રોજ સાંજે ૩ થી ૬ વાગ્યા સુધી આર કે રોયલ હોટલ સાયન્સ સિટી રોડ પર રાખવામાં આવી છે.

ડોનેશન પ્રથા વિરૂદ્ધ લડવા હાર્દિકનો સંકેત

સુરત, તા.૨૭

લાજપોરની જેલમાં રહેલા હાર્દિક પટેલે વધુ એક પત્ર લખીને નવી લડાઈ લડવાનો સંકેત આપી દીધો છે. હાર્દિકે કહ્યું છે કે, શાળા અને કોલેજોમાં ડોનેશનની જે પ્રથા છે તેની સામે લડત ચલાવવામાં આવશે. અનામત માંગવાની ફરજ પડી છે તેમાં પણ ડોનેશનની પ્રથા રહેલી છે. હાર્દિક પટેલે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપર પણ આક્ષેપો કર્યા છે. લાજપોર જેલમાં બંધ હાર્દિક પટેલે શિક્ષણ અંગે લખેલો પત્ર આજે બહાર આવ્યો છે. હાર્દિક પત્રમાં જણાવ્યું છે કે, હાલ રાજયમાં પટેલ અનામત આંદોલનની માંગ તથા ઓછા માર્ક આવવાની બીકથી આત્મહત્યા કરવાની ફરજ પાડવાની પાછળ સૌથી મોટું કારણ રાજયમાં ચાલુ વિદ્યાનું વેપારીકરણ છે વિદ્યાનો વેપાર જે ડોનેશન રૂપે લોકોને કરાવી રહ્યો છે. હાર્દિકે પત્રમાં લખ્યું છે કે, પાટીદાર અનામત સમિતિ તથા રાજ્યના નામી અનામી સમગઠનોને વિનંતી છે કે, ગરીબ પરિવારો પાસેથી લાખો કરોડો રૂપિયામાં ડોનેશન લેતાં શાળા કોલેજો સામે લાલ આંખ કરીને ગરીબ યુવાનોને ન્યાય આપવા તામામ લોકોએ આગળ આવવું પડશે. જે તે સરકારની રહેમ નજર હેઠળ શાળા કોલેજોમાં નક્કી કરેલી રકમ ભેગી કરીને ચૂંટણી માટે રકમ ભેગી કરવામાં આવે છે.

કૃષિ મંડળ દ્વારા આયોજિત
મો. ૯૭૨૬૬૮૮૩૭૭, ૯૦૩૩૭૭૩૬૧૪
કેસર કેરી મહોત્સવ ૨૦૧૬
૧૦૦% કાર્બાઈડ રહીત તથા ઓર્ગેનીક
ખેડુતો દ્વારા પ્રત્યક્ષ વેચાણ
ખાસ ઓફર - વહેલા તે પહેલા - લીમીટેડ સ્ટોક
નાનુ બોક્સ રૂ. ૩૦૦/- ● મોટુ બોક્સ રૂ. ૫૦૦
ચ-૩ લાયન્સ ગરબા ગ્રાઉન્ડ, સેક્ટર-૧૧, ગાંધીનગર

કાર ભાડે મળશે
ઈન્ડીકા, ઈન્ડીગો, ટવેરા, ઈનોવા, ૧૨-સીટ વિંગર, ૧૪-સીટ ટેમ્પો, ૧૯/૨૯-સીટ મિની બસ, ૪૫-સીટ બસ, એ.સી. કોચ વોલવો ભાડે મળશે.
મેરેજ કાર : ● હોન્ડા સીટી ● ક્રેમરી ● ક્રુઝ ● મરસીડીઝ ● બીએમડબલ્યુ ● સેઝ લીમો
ટુર પેકેજ : કેરલ, ગોવા, રાજસ્થાન, એમ.પી., કાશ્મીર, મહારાષ્ટ્રા, વૈષ્ણોદેવી
પાસપોર્ટ :- વિઝા કન્સલ્ટન્ટ ● એર ટીકીટ ● બસ ટીકીટ
હેતશ્રી ટ્રાવેલ્સ
૧૨૧, સુપર મોલ-૧, ઈન્ફોસીટી. મો. ૯૯૭૮૯ ૫૯૦૯૯, ૦૭૯૨૩૨૧૩૨૦૯

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Save Girl Child
પરદેશ પાર્સલ સેવા
www.chipsairexp.com
CHIPS Express Pvt Ltd
કેરીનો રસ મોકલી આપશું
ઝિતી મોલ, એફ-૨, સીટીમોલ-૨ સામે, કલોલ
M.: 9227706105, 9898036257
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-O', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsairinternational@yahoo.co.in

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

અમૂલ મસ્તી દહીંના સથવારે ભોજન બને મસ્તી ભર્યું
Amul masti DAHI
ફક્ત ₹ 50/-* for 1 kg

Pouch Pack	MRP*(₹)	Cup Pack	MRP*(₹)
200g	13	100g	10
400g	25	200g	20
1kg	50	400g	36
5kg	250		

*MRP (incl. of all taxes), transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 – 23969055/56/57

હાર્દિક અભિનંદન

રીયા પ્રકાશભાઈ સુખડીયા

ધોરણ-૧૨ કોમર્સમાં ૭૦૦માંથી ૬૧૩ ગુણ મેળવી ગાંધીનગર શહેરમાં દ્વિતિયસ્થાન પ્રાપ્ત કરવા બદલ દિકરી રિયાને વ્હાલપૂર્વકના અભિનંદન પાઠવીએ છીએ.. અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી રહે એવી શુભકામનાઓ અને શુભાશિષ...

કૌશિક સુખડીયા
નયના સુખડીયા
શ્વેતા સુખડીયા
જીમીત સુખડીયા
(ગોપાલ કેટરર્સ - સેક્ટર-૨૩)